Extra No. 57

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, JANUARY 22, 2026 / PAUSHA 2, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૨૮/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૪/૦૬૧૧/ખ-નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Motor Vehicles Rules, 1989

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૫

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૨૮/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૪/૦૬૧૧/ખઃ- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨-ની પેટા-કલમ (૧)-થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટેના અમુક નિયમોનો મુસદ્દો, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ: ૫મી જુલાઇ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૨૧/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૪/૦૬૧૧/ખ હેઠળ તારીખઃ ૫-મી જુલાઇ, ૨૦૨૫-ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-એ માં પાનાં ૯૮-૧ થી ૯૮-૨-માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, સરકારને કોઈ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૪૭-ની પેટા-કલમ (૭), કલમ ૪૯-ની પેટા-કલમ (૪) અને કલમ ૫૦-ની પેટા-કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો ગુજરાત મોટર વાહન (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની આખરી પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૪૪ક-ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

''૪૪ક, અમુક ચૂક માટે કાર્યવાહીના બદલે ચૂકવવાપાત્ર રકમ બાબતઃ- કલમ ૪૭ની પેટા-કલમ (૧) હેઠળ અરજી કરવામાં ચૂક અથવા કલમ ૪૯ની પેટા-કલમ (૧) હેઠળ જાણ કરવામાં ચૂક અથવા કલમ ૫૦-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૨) હેઠળ અહેવાલ આપવામાં અથવા અરજી કરવામાં ચૂક માટે કાર્યવાહીના બદલે કોઈપણ વ્યક્તિએ ચૂકવવાપાત્ર રકમ નીચે મુજબની રહેશે.

અનુક્રમાંક	મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની જોગવાઈઓ	રકમ
૧	કલમ ૪૭(૫) સાથે વાંચતા કલમ ૪૭ની પેટા-કલમ (૧)	રૂ. ૧૦૦/-
૨	કલમ ૪૯(૨) સાથે વાંચતા કલમ ૪૯ની પેટા-કલમ (૧)	રૂ. ૫૦૦/-
૩	કલમ ૫૦(૩) સાથે વાંચતા કલમ ૫૦-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૨) હેઠળ	રૂ. ૧૦૦/-

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

તેજેન્દ્ર પટેલ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.16 10:17:40 IST